# બજારમાં ખાટ્ટા-મીઠા ફાલસાનું આગમન

ગાંધીનગર, તા.૧૬

હાલ સૂર્યદેવ પોતાનો પ્રકોપ વર્તાવતા હોય તેવુ લાગી રહ્યુ છે, ત્યારે ઉનાળાની ઋતુમાં ગરમીનો પારો ખાટ્ટા-મીઠા ફળ ખાવાથી શરીરને અનેક લાભ મળે છે. ઉનાળાની મોસમ શરૂ થતાં બજાર માં વિવિધ ઉનાળુ ફળ નું આગમન થઈ ચૂકયું છે.જેમાં ફાલસાનું પણ ક્યાંક ક્યાંક વેચાણ શરૂ થઈ ચૂક્યું છે. ફાલસા લાલ અને કાળા રંગના તેમજ ખાટામીઠા અને એકદમ નાના કદના હોય છે. દેખાવમાં તે જેટલા નાના છે, તેના ગુણો એટલા જ મોટા છે. ઉનાળામાં પાચનતંત્ર સારૂ રાખવા માટે જરૂરી છે કે ખાવા-પીવાનું પૂરતું ધ્યાન રાખવામાં આવે. ત્યારે સિઝનલ ફળો સ્વાસ્થ્યને સારૂ રાખવામાં મદદરૂપ બની શકે છે. આ સાથે જ ગરમીથી પણ રાહત આપે છે. તપાવી નાખતી ગરમીમાં ફાલસા ઠંડકનો અનુભવ કરાવે છે. ફાલસા દ્વારા શરીરમાં ઠંડક મળતી હોય છે અને તે સ્વાસ્થ્ય માટે ઘણું ફાયદાકારક હોય છે. ફાલસા ડાયેરિયાની સારવાર માટે ઉપયોગી છે. તેનાથી શરીરને ઠંડક મળે છે અને તેમાં એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે, જે પેટના દુખાવાની સમસ્યાને દૂર કરવામાં મદદ કરે છે. ફાલસાના ફળોનો રસ પીવાથી અસ્થમા, બ્રોક્રાઈટીસ, શરદી અને શ્વાસ સંબંધી સમસ્યાઓથી છુટકારો મળી શકે છે.

**ગરમીની ઋતુમાં લૂથી બચવા માટે આ ફળનું સેવન ખુબ ઉપયોગી સાબિત થાય છે.**



ફાલસાના ફળનું દરરોજ સેવન કરવાથી માંસપેશી મજબૂત બને છે. ફાલસામાં પોટેશિયમ અને પ્રોટીન હોવાને કારણે નિયમિતપણે સેવન કરવાથી માંસપેશીની કાર્યક્ષમતા વધે છે અને મજબૂત બને છે. ફાલસામાં કેલ્શિયમ ભરપૂર માત્રામાં હોવાથી હાડકાની મજબૂતાઈ માટે ઉત્તમ ફળ માનવામાં આવે છે. ઉનાળામાં મળતાં વિટામીનથી ભરપૂર ફાલસા એન્ટીઑક્સિડન્ટ, મેગ્નેશિયમ, ફોસ્ફોરસ, કેલ્શિયમ, પોટેશિયમ, સોડિયમ, આયર્નથી ભરપૂર હોય છે.

ફાલસાનુ સેવન કરવાથી ઉલટી થવી, ગભરામણ થવી, એકાએક તાવ આવવો વગેરેમાંથી આરામ મળે છે. થોડાક સમય પહેલા થયેલા વૈજ્ઞાનિક સંશોધનમાં એ વાત સામે આવી કે, ફાલસામાં રેડિયોધર્મીની ક્ષમતા પણ હોય છે. જેના કારણે કેન્સરથી લડવામાં પણ શરીરને સહાયતા કરે છે. લોહીની ઉણપના કારણે એનિમિયા રોગ થઈ ગયો હોય તો ફાલસા ખાવાથી શરીરમાં હિમોગ્લોબીન વધે છે અને એનિમિયાથી બચાવ થાય છે. ફાલસાના ફળની અંદર ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે.કબજિયાતની સમસ્યા હોય તો તે પણ દૂર થઈ જાય છે. વિટામીન સી થી ભરપૂર ફાલસાનો ખટ્ટો-મીઠો રસ ખાંસી-શરદીને રોકવામાં અને ગળામાં થનાર સમસ્યાઓ માટે ઘણો પ્રભાવશાળી છે. ગરમીની ઋતુમાં લૂથી બચવા માટે આ ફળનું સેવન ખુબ ઉપયોગી સાબિત થાય છે. રોજ નાસ્તામાં ફાલસા ખાવાથી ચિડીયાપણું દૂર થાય છે. જો તડકાથી એલર્જી છે તો ફાલસા તેના માટે ખૂબ જ અસરકારક ઈલાજ છે.

# સે-૨૫માં અસામાજિક તત્ત્વોનો ત્રાસ વધ્યો

**-પીજી હોસ્ટેલોમાં ભાડે રહેતા પરપ્રાંતિય છોકરા-છોકરીઓ અસભ્ય વર્તન, દાદાગીરી, ગુંડાગીરીથી સ્થાનિક વસાહતીઓ કંટાળ્યા : ગેરકાયદેસર રીતે મકાન માલિકો ભાડે પીજી હોસ્ટેલો ચલાવતા હોવાની ફરીયાદો ઉઠી**

ગાંધીનગર, તા.૧૬

પાટનગરમાં બહારગામથી આવતા લોકોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે જેના કારણે ભાડે મકાન આપતાં શહેરીજનો ફુલ ફોર્મમાં આવી ગયા છે જેમાં મકાન માલિકો ગેરકાયદેસર રીતે પોલીસ સ્ટેશનમાં રજીસ્ટ્રેશન કરાયા વગર અને માહિતી લીધા વિના મનફાવે તેમ મકાન ભાડે આપી રહયા છે જેના કારણે કાયદેસર રીતે પોતાના મકાનમાં રહેતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે. બહારગામથી આવતા ભાડે રહેતા લોકોની ગુંડાગીરીથી શહેરમાં ભયનો માહોલ સર્જાયો છે. જેની સામે ફરીયાદ ઉઠી રહી છે. સે-૨૫ સહકાર કોલોનીમાં અસામાજીક તત્ત્વોનો ત્રાસ વધવા પામ્યો છે તેવી ફરીયાદો ઉઠી છે. ગાંધીનગરમાં સે-૨૫ સહકાર કોલોનીમાં મળતી માહિતી મુજબ પીજીની હોસ્ટેલો અને રહેણાંક વિસ્તારોમાં છોકરા-છોકરીઓને ઘર ભાડે આપવાના મકાન માલિકોના પ્રયત્નોને કારણે આસપાસના વસાહતીઓમાં ડરનો માહોલ પેદા થયો છે. મોટા પાયે પીજી હોસ્ટેલો ચાલતી હોવાથી પાણીના ફોર્સનું પ્રમાણ પણ ઓછુ આવે છે તેમજ અસામાજીક તત્ત્વોની અવરજવાર પણ ખુબ વધી ગઈ છે. રહેણાંક વિસ્તારોમાં પીજી હોસ્ટેલો છોકરા-છોકરીઓને રહેવા માટે આપવામાં આવે છે તે પરપ્રાંતિય હોવાના કારણે તેમની રહેણીકરણી અને વર્તન અસભ્ય હોવાની ફરીયાદ કરવામાં આવી છે. રહેવાસીઓ દ્વારા વારંવાર ટકોર કરવા છતાં પણ કોઈ ફેરફાર થતો નથી. જેમાં મકાન માલિકો પણ ગેરકાયદેસર રીતે પીજી હોસ્ટેલો ચલાવતાં હોવાની ફરીયાદ ઉઠી છે. જેની સામે યોગ્ય પોલીસ કાર્યવાહી કરવી જ જોઈએ. રહેવાસીઓને પરપ્રાંતિયોના કારણે ગુંડાગીરી, દાદાગીરી તેમજ ખરાબ વર્તનનો અનુભવ થઈ રહયો છે. સારા ઘરના લોકો જયારે સમજાવવા જાય છે ત્યારે મકાન માલિકો પણ દાદાગીરી કરતાં હોવાનું સામે આવ્યું છે તેમજ મોડી રાત્રીએ છોકરા-છોકરીઓ ખુલ્લેઆમ અશોભનીય વર્તન કરે છે તેના વિશે સમજાવટ કરવા છતાં પણ સોસાયટી બહારના તત્ત્વો આવીને રહેવાસીઓ સાથે દાદાગીરી કરે છે. આ બાતે લાગતા વળગતાં પોલીસ સ્ટેશનો પણ આ અંગે યોગ્ય તપાસ કરે અને સે-૨૫ના વસાહતીઓની આ ફરીયાદનું યોગ્ય નિરાકરણ લાવે તેવી માંગ કરાઈ રહી છે. જો આ મુદ્દે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા વસાહતીઓએ ચિમકી આપી છે. પોલીસ તંત્ર ઉપરાંત ગાંધીનગર મનપાના કોર્પોરેટર તથા મેયરને પણ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા વસાહતીઓએ વિનંતી કરી હતી.




ગાંધીનગર ખાતે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે-૧૭માં કોંગ્રેસ સમિતિ દ્વારા જય ભારત સત્યાગ્રહ હેઠળ જિલલા સ્તરીય સંમેલન યોજાયું હતું. જેમાં પ્રમુખ ઉપપ્રમુખ, ધારાસભ્યો, કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા.

# ગાંધીનગરમાં ધામધૂમથી વૈશાખી ઉત્સવ ઉજવાયો




ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં પૂર્વાશા કલ્ચરલ એસોસિએશન (PCA) દ્વારા શહેરમાં રહેતા બંગાળી સમુદાયને એક કરીને સેક્ટર ૮ રંગમંચ ગાંધીનગર ખાતે ૧૫ એપ્રિલ ૨૦૨૩ના રોજ વૈશાખી ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.આ ઉત્સવમાં તેમના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની, બંગાળી નવા વર્ષની ઉજવણી કરતી વૈશાખી, જેને પોઈલા વૈશાખ તરીકે પણ ઓળખવામાં આવે છે તેની ઉત્સવની ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પોઈલા વૈશાખમાં દિવસભરની ઉજવણીમાં પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની પુષ્કળતા હતી, તમામ ઉંમરના નાગરિકો માટે વૈવિધ્યપૂર્ણ રમતગમતથી લઈને મંત્રમુગ્ધ મ્યુઝિકલ સુધી ભરપૂર આયિજન કરાયું હતું જેમાં મુખ્ય આકર્ષણ હતું રિતુરંગા નામનો ફ્યુઝન પ્રોગ્રામ. આ મનોરંજક સ્પર્ધાત્મક કાર્યક્રમમાં બધાએ ઉત્સાહથી ભાગ લીધો અને એક અસાધારણ અનુભવના અંતે રંગીન ગ્રાન્ડ ફિનાલે અને કોમ્યુનિટી ડિનર સાથે કાર્યક્રમને માણ્યો હતો. આ ઉત્સવમાં આશરે ૨૫૦ જેટલા નાગરિકો એકઠા થયા હતા અને તેમણે વિવિધ કૃતિઓમાં ભાગ લીધો હતો. પૂર્વાશાના સભ્યો વતી, સચિવ સનત ચટ્ટોપાધ્યાયે આ પ્રસંગે ઉપસ્થિત રહેલા સ્વયંસેવકો, સહયોગીઓ અને મીડિયાકર્મીઓને અભિનંદન આપી આભાર માન્યો હતો.

# ઉનાળુ વેકેશન નિમિત્તે નગરમાં ક્રિકેટ ટૂર્નામેન્ટનો માહોલ

**શાળાઓમાં વેકેશન પડવાથી શહેરમાં વિવિધ ગેમની ટૂર્નામિન્ટ યોજાશે : ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા ક્રિકેટ-વોલીબોલ ટૂર્નામિન્ટ તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગર પ્રિમિયર લીગ ક્રિકેટનું આયોજન**

ગાંધીનગર, તા.૧૬

શારીરિક અને માનસિક કામ કરતું પ્રાણી એટલે કે મનુષ્યને સતત અને સતત મગજ અને શરીરને થકવતા કામ કરવામાંથી હળવાશ મેળવવા માટે મનોરંજનની ક્ષણો માણવા માટે રોજીંદા કાર્યમાં બ્રેક મારવાની જરૂર પડે છે. પછી તે કચેરીમાં કામ કરતો કર્મચારી હોય કે રોજગાર ધંધામાં કામ કરતો વેપારી માણસ હોય અથવા તો શાળા કોલેજમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી હોય. ત્યારે હાલમાં જ સ્કુલોમાં ઉનાળુ વેકેશન પડયું છે. વિદ્યાર્થીઓ શિક્ષણથી દુર રહીને મન મુકીને રમવાના મુડમાં પુરા વેકેશન દરમિયાન જોવા મળે છે. આ વેકેશનમાં ઘરના લોકો ફરવા જાય છે. પીકનીકનું પ્લાનીંગ કરતા હોય છે તો ઘણા લોકો ફેમીલી સાથે મનપસંદ પ્રવૃતિઓ કરવાનું પસંદ કરતાં હોય છે. હાલમાં વેકેશનનનો માહોલ જોવા મળી રહયો છે. કયાંક ક્રિકેટ રમાય છે તો કયાંક ફુટબોલ રમાય છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ અને વોલીબોલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે તો બીજી તરફ ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગર પ્રીમીયર લીગ ગલી ક્રિકેટનું ગરીમામય આયોજન કરવામાં આવ્યું છે. આમ ઉનાળુ વેકેશન દરમિયાન પાટનગરમાં વિવિધ રમતોની ટૂર્નામેન્ટ યોજાવાની હોય શહેરીજનો માટે રોમાંચભર્યું વાતાવરણ રહેશે.

ઉનાળુ વેકેશનમાં બાળકો ઘરે બેઠા મોબાઈલમાં વ્યસ્ત ન બની રહે તે માટે વાલીઓએ પ્લાનીંગ બનાવ્યા છે. બાળકોને સમર કેમ્પમાં મોકલવા, વિવિધ રમતો રમાડવી, લલીતકલામાં મનપસંદ કોર્ષ કરાવવા, પીકનીક પર લઈ જવા સહિતના આયોજનો કર્યા છે. જેથી બાળકોનું વેકેશન વેસ્ટ ન જાય.

શહેરમાં ઉનાળુ વેકેશનનો માહોલ રાત્રી દરમિયાન વધુ જોવા મળે છે. શહેરના બાગ-બગીચાઓમાં, મહાત્મા મંદિર સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં મોટી સંખ્યામાં લોકો નાની-મોટી ગેમ રમવા, બરફ ગોલા, આઈસ્ક્રીમ ખાતા નજરે પડી રહયા છે. સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં ખાણીપીણીની લારીઓ હોવાના કારણે લોકોની અવરજવર રહેતી હોય છે. જેમાં ઉનાળાના દિવસો શરૂ થતાં અહીંયા ફુટપાથ ઉપર બરફગોળા અને આઈસ્ક્રીમ, કુલફીની લારીઓએ જમાવટ કરી મુકી છે.

સે-૮માં ફાઉન્ટેન ફુવારાની મજા માણવા સાંજ પડતા નાના બાળકોની જમાવટ થઈ જાય છે તેમાંય ઉનાળુ વેકેશન પડતાં બાળકોને લઈને આવનારાઓની સંખ્યા વધી રહી છે. ગાંધીનગરમાં એકમાત્ર ફાઉન્ટેન ફુવારા સે-૮માં ઉપલબ્ધ હોવાથી મોટી સંખ્યામાં લોકો અહીંયા આવી રહયા છે. આમ ઉનાળુ વેકેશનનો માહોલ નગરમાં છવાયો છે.

# સ્વાગત સપ્તાહના ભાગરૂપે રાજ્યની ગ્રામ પંચાયત અધિકારીઓની ઓનલાઈન તાલીમ

ગાંધીનગર, તા.૧૬

ભારતના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના સામાન્ય નાગરિકોની ફરિયાદોનું સમયબદ્ધ નિવારણ લાવવાના હેતુથી દેશભરમાં પ્રથમ એવો નવતર અભિગમ ‘સ્વાગત’ કાર્યક્રમ તા.૨૪ એપ્રિલ-૨૦૦૩ થી શરૂ કરાવ્યો હતો. આ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે શનિવારે રાજ્યની તમામ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓ, ગ્રામ પંચાયતના સદસ્યશ્રીઓ, તલાટી કમ મંત્રીશ્રીઓ અને વીસીઈને મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યાલય અને પંચાયત વિભાગના ઉપક્રમે ઓનલાઈન તાલીમ બાયસેગના માધ્યમથી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યની ૧૪,૫૧૫ કાર્યક્રમનો વધુને વધુ પ્રચાર કરી તેનો વ્યાપ વધારવા અને નાગરિકોની સમસ્યાના ત્વરિત નિરાકરણ માટેની કાર્યપદ્ધતિ સમજાવવામાં આવી હતી. વિકાસ કમિશનરશ્રી સંદીપ કુમાર, મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારી ડો. એમ. ડી. મોડીયા તેમજ શ્રી આર.વી. વ્યાસ, નાયબ કલેક્ટર શ્રી ભારતીબા વાઘેલાએ







‘સ્વાગત’ કાર્યક્રમને ૨૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સ્વાગત સપ્તાહની ઉજવણીથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-દર્શનમાં રાજ્ય સરકારે પંચાયતી રાજ વ્યવસ્થામાં ગ્રાસરૂટ લેવલે કાર્યરત પદાધિકારીઓ-કર્મચારીઓને તાલીમ આપીને ‘સ્વાગત’ કાર્યક્રમને વધુ સુદ્રઢ, લોકાભિમુખ અને વ્યાપક બનાવવાનો અભિગમ દાખવ્યો છે. સ્વાગત ગ્રામ પંચાયતોના ૧૦,૦૯૫ સરપંચશ્રીઓ, ૫૩,૯૪૧ ગ્રામ પંચાયત સદસ્યશ્રીઓ તથા ૧૮,૯૦૭ તલાટીઓ અને વી.સી.ઈ એમ કુલ ૮૨,૯૪૩ પદાધિકારી/કર્મચારીઓએ ‘સ્વાગત’ની કાર્યપદ્ધતિ અંગે વિસ્તૃત તાલીમ મેળવી હતી. આ ઓનલાઈન તાલીમમાં ગ્રામ્ય વિસ્તારના પદાધિકારીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓને સ્વાગત ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામને વિશ્વફલક પર આદર્શ ગ્રામ તરીકેની ઓળખ અપાવનાર પૂર્વ સરપંચશ્રી હિમાંશુભાઈ પટેલ, મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના સરપંચશ્રી દેવાંગભાઈ પંડ્યા, નિવૃત્ત તલાટી કમ મંત્રી અને વિસ્તરણ અધિકારીશ્રીઓએ પણ પોતાના અનુભવો વર્ણવ્યા હતાં.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે પુસ્તક ‘ઈકોલોજીકલ એન્ટેંગલમેન્ટ્સ’નું વિમોચન

ગાંધીનગર: તા.૧૬

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ખાતે તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ’ઈકોલોજીકલ એન્ટેન્ગલમેન્ટ્સ: ઈફેકટ, એમ્બોડિમેન્ટ એન્ડ એથિક્સ ઑફ કેર’ પુસ્તકનું વિમોચન યોજાયું હતું. પુસ્તકનું સંપાદન આઈઆઈટી ગાંધીનગર ખાતે માનવતા અને સામાજિક વિજ્ઞાનના ફેકલ્ટી સભ્યો પ્રોફેસર અંબિકા ઐયાદુરાઈ, અરકા ચટ્ટોપાધ્યાય અને નિશાંત ચોક્સી દ્વારા કરવામાં આવ્યું છે.

ઓરિએન્ટ બ્લેકસ્વાન દ્વારા પ્રકાશિત, પુસ્તક ઈકોલોજીના સામાજિક, ભૌતિક અને સાંસ્કૃતિક પરિમાણોને એકીકૃત કરતી એક માળખું ઘડીને ઈકોલોજીકલ કટોકટીને પકડવાની નવી રીતો માટે કહે છે. આ પુસ્તક એવી દલીલ કરે છે કે ઈકોલોજી સંપૂર્ણપણે લાગણીશીલ, સંચા રાત્મક અને મૂર્ત પ્રથાઓ સાથે



સંકળાયેલી છે જે સમજ આપે છે કે કેવી રીતે કોઈ સમજી શકતા નથી, છતાં પણ અન્યોની સંભાળ પણ રાખે છે.

આ પુસ્તક વન્ય જીવન જીવવિજ્ઞાનીઓ, નૃવંશ શાસ્ત્રીઓ, ભાષાશાસ્ત્રીઓ અને સાહિત્ય અને ભૂગોળના વિદ્વાનો દ્વારા પ્રદાન કરાયેલ ૧૫ પ્રકરણોનો કાવ્યસંગ્રહ છે. જાપાન, ઑસ્ટ્રેલિયા અને યુકે સહિત સમગ્ર ભારત અને વિદેશમાંથી ૧૫ યુનિવ ર્સિટીઓના ૨૨ વિદ્વાનો દ્વારા લખાયેલ, પુસ્તકના બહુવિધ અભ્યાસો માનવ-અમાનવીય ક્રિયાપ્રતિક્રિયાઓના પ્રશ્નોને સંબોધિત કરે છે અને વિશ્વમાં રહેવાની ભવિષ્યની રીતો વિશે સમજ આપે છે.

# ગાંધીનગરમાં યોજાયેલ અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાનો શુભારંભ

**સામાજિક અને સાંસ્કૃતિક ઐકય વધુ પ્રબળ બનાવવા સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી આગળ વધીએ**

ગાંધીનગર: તા.૧૬

ગાંધીનગર ખાતે યોજાયેલ અખિલ ભારતીય આંજણા સમાજની મહાસભામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજશક્તિને રાષ્ટ્રનિર્માણમાં જોડવાની પ્રેરણા આપી છે. ગુજરાતની ધરતી પર આયોજિત અખિલ ભારતીય આંજણા સમાજની મહાસભામાં સહભાગી બનેલા સર્વેને આવકારુ છું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ બનાવવાની આપણને હિમાયત કરી છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે કે ભારતનું સામાજિક સાંસ્કૃતિક ઐક્ય વધુ



પ્રબળ બને.વડાપ્રધાનશ્રીએ તો આપણી સનાતન ભાવના વસુધૈવ કુટુંબકમ, સમગ્ર વિશ્વ એક પરિવારનો ધ્યેય ભારતને જી-ટ્વેન્ટીની પ્રેસિડેન્સી અપાવીને ચરિતાર્થ કરી છે. તેમણે કહ્યું હતું કે, વિવિધતામાં એકતા જળવાય અને સૌ સાથે મળી વિકસિત રાષ્ટ્ર બનાવવાના કાર્યો કરીએ એવું તેમનું આહવાન છે. વડાપ્રધાનશ્રીના આ કોલને જીલીને ગુજરાત સરકારે ભારતના અન્ય રાજ્યોના લોકો ગુજરાત સાથેનો જુનો સંબંધ તાજો કરે તેવા આયોજનો કર્યા છે. આવતીકાલથી શરૂ થનાર સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમ આનું ઉદાહરણ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના ‘‘એક ભારત, શ્રેષ્ઠ ભારતના’ કોલને સાકાર કરવા આજે સમગ્ર ભારતનો આંજણા ચૌધરી સમુદાય અહીં એક મંચ પર આવ્યો છે શ્રી આંજણા ચૌધરી સમાજે દરેક ક્ષેત્રે ઉડીને આંખે વળગે એવી પ્રગતિ કરી. અર્બુદા માતાના વંશજો, આંજણા ચૌધરી સમાજના ભાઈ-બહેનોએ તો એમની સમાજશક્તિનો પરિચય દેશવિદેશમાં પણ આપ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, આંજણા ચૌધરી તો ગ્રામ-સંસ્કૃતિ, કૃષિ, દૂધ ઉત્પાદન અને પશુપાલન ક્ષેત્રે પરસેવો પાડી સિદ્ધિના શિખરો સર કરનારો પુરૂષાર્થી સમાજ છે.આવી સમાજશક્તિને સરકારનું પ્રોત્સાહન અને સૌનો સહકાર મળે તો કેવી ઉન્નતિ થાય તેનું જીવંત ઉદાહરણ આદરણીય શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતના સર્વગ્રાહી વિકાસથી પુરૂ પાડ્યુ છે.સમાજ પોતાના સંતાનો ભણે-ગણે તેની દરકાર લેતો હોય, જે સમાજના લોકો "મેં નહીં હમ"ના મંત્ર સાથે વિકાસનું મંથન થતું હોય તે સમાજ એક સાચો પ્રગતિશીલ સમાજ છે.